દિવ્ય ભાસ્કર
અમદાવાદ 21-06-2025

ગ્રીન્ઝો એનર્જી સાથે ભાગીદારીમાં પહેલ

# ઓસવાલ એનર્જીએ ગ્રીન હાઈડ્રોજનનો પ્રોજેક્ટ રજૂ કર્યો

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ભારતમાં ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં એક મહત્વનું પગલું લેતા ઓસવાલ એનર્જીઝ લિમિટેડે 320 કરોડનું મૂડીરોકાણ કરીને ગ્રીન હાઈડ્રોજન તૈયાર કરવાના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ શરૂ કર્યો છે. ગ્રીન્ઝો એનર્જી ઈન્ડિયા લિમિટેડ તરફથી એક મેગાવોટના ઈલેક્ટ્રોલાઈઝરની પહેલી ડિલિવરી મળી જતાં પ્રોજેક્ટની શરૂઆત થઈ છે. કેમિકલ અને ફર્ટિલાઈઝરના સેક્ટરની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરી શકાય તે હેતુથી 'બિલ્ટ-ઓપરેટ અને ટ્રાન્સફર' એટલે કે 'બાંધો, ચલાવો અને ટ્રાન્સફર કરી આપો'ના સિદ્ધાંત પર 20 મેગાવોટના પ્રોજેક્ટ શરૂ કર્યો છે. અડધા મેગાવોટથી માંડીને પાંચ મેગાવોટ સુધીની ક્ષમતા ધરાવતો પાવર પ્લાન્ટ્સ આગામી 12થી 18 મહિનામાં શરૂ કરવામાં આવશે. તેને માટે ગ્રીન્ઝોની અત્યાધુનિક અને સ્વદેશી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ઓસવાલ એનર્જીઝના મેનેજિંગ ડિરેક્ટર રતન બોકાડિયાએ જણાવ્યું કે ઈલેક્ટ્રોલાઈઝર ડિલિવરી માત્ર માલની ડિલીવરી નથી, પરંતુ ઉર્જાના ક્ષેત્રમાં પરિવર્તનની પાયાની કામગીરીના આરંભની છે.

ગ્રીન્ઝો સાથેની ભાગીદારીમાં સફળતાં હાંસલ કરવાની છે. ગ્રીન્ઝો એનર્જીની ઓર્ડર બુક વધીને રૂ. 1500 કરોડને ક્રોસ કરી છે. ગ્રીન્ઝો એનર્જીના એમડી સંદીપ અગ્રવાલે જણાવ્યું કે અમે આપેલા ઈલેક્ટ્રોલાયઝરના સપ્લાય થકી ગ્રીન એનર્જીના મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં ભારતની વધી રહેલી ક્ષમતાનો પ્રસ્થાપિત થઈ રહી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે.